મતદાન અધિકારીઓની ટીમ આજે ૧૨
વાગે મતદાન મથકે જવા રવાના થશે



ગાંધીનગર સમાચાર

# મહાસંગ્રામના અંતિમ ચરણે તોડ-જોડનો ધમધમાટ

## મહિલા ઉમેદવારોની અસરકારકતા આંખે ઉડીને વળગે તેવી છે

**મહાનગરનો મહાસંગ્રામ**
**- સંજય દૃષ્ટિ**

મહાનગરનો મહાસંગ્રામ અંતિમ ચરણમાં પ્રવેશ્યો છે. ઘોંઘાટીયો પ્રચાર સાંજથી બંધ થયો છે અને તોડફોડનો પ્રચારનો આરંભ થયો છે. મતો તોડવાની રાજનીતિ પુર બહારમાં ખીલી છે. બન્ને પક્ષોમાં મતોના ગણિત મંડાઈ રહ્યાં છે. જ્ઞાતિ સમીકરણો, તાલુકા જિલ્લાના સમીકરણો, ચોકઠા અને સેક્ટરના સમીકરણો, મંડળો અને સંસ્થાઓના સમીકરણો લગાવાઈ રહ્યાં છે અને જ્યાં આખી પેનલ જીતતી નથી ત્યાં વ્યક્તિગત પ્રચારની મોસમ પણ આજથી શરૂ થઈ છે. ''મારું તો જો જો જ.'' એવા વાક્યો સાંભળવા મળે છે. એક સામાન્ય સર્વે દર્શાવે છે કે એક જ વોર્ડમાં આખી પેનલ જીતી શકે તેમ દેખાય છે. બાકીના સાતેય વોર્ડમાં આંતરિક જુથબંધી અને કેટલાક ઉપરોક્ત સમીકરણોના આધારે પેનલો તુટી રહી છે. ભાજપ જીતે કે કોંગ્રેસ જીતે એ પ્રશ્નોનો જવાબ તો ૨૬મીએ મળી શકે તેમ છે. પણ કેટલાય જવાબ ઉમેદવારોના ચહેરા ઉપરથી જણાઈ રહ્યા છે. સામાન્ય સર્વે એમ દર્શાવે છે કે ત્રણ વોર્ડમાં ભાજપનો જ દબદબો છે. અને ત્રણ વોર્ડમાં કોંગ્રેસનું જોર છે. બાકીના બે વોર્ડની આઠ બેઠકોમાં જે પક્ષની ૫ બેઠકો આવે તે પક્ષ સત્તા ઉપર આવશે. અર્થાત ભાજપ અને કોંગ્રેસની ૧૨-૧૨ બેઠકો નિશ્ચિત ગણાય છે. ગળાકાપ સ્પર્ધા છે. ૮ બેઠકો માટે જે ભાજપની બી કક્ષાની અને કોંગ્રેસની પણ બી કક્ષાની છે. એ બેઠકો ઉપર હજુ પણ મતદારોનું મન કળી શકાતુ નથી.

મહાસંગ્રામમાં નોંધપાત્ર પાસુ બીજુ એ પણ છે કે બન્ને પક્ષોમાંથી કોઈ પક્ષની મહિલા કાર્યકર ટીકીટ ન અપાઈ હોવા છતાંય કાર્યકરોના પત્નિઓનો દેખાવ પણ અસરકારક રહ્યો છે. ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષે મહિલા ઉમેદવારોની ચીવટતા અને અસરકારકતા મતદારોને પ્રભાવીત કરી રહી છે. મહિલા ઉમેદવારો અપેક્ષા કરતાં પણ થાક્યા વગર જંગમાં અસરકારક લડી રહી છે. આજની પ્રચાર રેલીઓમાં પણ મહિલા સમર્થકોની સંખ્યા ગણનાપાત્ર હતી. ૫૦ ટકા મહિલા અનામત બેઠકોને કારણે ૧૬ મહિલા ઉમેદવારો વિજયી બનશે. સામાન્ય સર્વે દર્શાવે છે કે ભાજપ કરતાં એકાદ વધુ મહિલા ઉમેદવાર કોંગ્રેસની જીતી શકે એમ છે.

શુક્ર-શનિની રાત મહાનગરના મહાસંગ્રામના અંતિમ ૪૮ કલાકની કતલની રાત, પૈસાની રેલમ છેલ છે. મત તોડવા નાણા કોથળીઓ ખુલ્લી મુકાઈ છે. ખરીદ-વેચાણની પ્રવૃત્તિ ખાનગીમાં પણ જોરશોરથી ચાલે છે. છેલ્લી ઘડીના ભાવ પણ વધતા જાય છે. પણ અત્યારે તો મોં માંગ્યા દામ ચુકવાય છે. રસોડામાંથી હવે પરવારી રોકડામાં વ્યવહાર પ્રારંભાયો છે. ક્યાંક વહેવાર થાય છે તો ક્યાંક સોદા થાય છે. ક્યાંક દારૂ વહેંચાય છે, ક્યાંક ખાણી-પીણી માટેની વ્યવસ્થા ગોઠવાય છે. પણ છેલ્લા ૪૮ કલાક બાજી સુધરી પણ શકે અને બાજી બગાડી પણ શકે. બન્ને પક્ષો શામ-દામ-દંડ-ભેદ અપનાવી મતદારોને પોતાની તરફ સેરવી રહ્યા છે. ક્યાંક ભ્રમિત કરાઈ રહ્યા છે, ક્યાંક ભોળવાઈ રહ્યા છે, ક્યાંક અવળે પાટે ચડાવાઈ રહ્યા છે. પણ સરવાળે મત માટેની જાળમાં ફસાવાઈ રહ્યા છે. લોકશાહીની આ કરમકઠણાઈ છે. કામગીરી નહી... ગુણવત્તા નહી... અસરકારકતા નહી... માત્ર છેલ્લા દિવસના વહેવાર સત્તા સુધી પહોંચાડી શકે છે. બન્ને પક્ષો પાવરધા છે... અનુભવી છે... ચૂંટણીની વ્યૂહરચનાના ચતુર ચાણક્ય છે. કોની ક્યાં કેટલી નબળાઈ છે તેની જાણકારીના આધારે રાજકીય લાભ ખાટવાની વૃત્તિ-પ્રવૃત્તિ આ બે દિવસમાં પ્રવૃત્તિનો ધમધમાટ રહેશે. લોકવિકાસ મંચ ચૂંટણીના આ પાસાઓમાં જરૂર પાછળ જણાય છે અને એટલે જ કદાચ ધારેલા મત ન પણ આવે. પરંતુ જાગૃતિ જરૂર લાવી શકે છે. હાર અને જીત અલગ વસ્તુ છે અને જાગૃતિ સાધવાની એ સમાજના અલગ પાસા છે. ખેલદીલીપૂર્વક લોકવિકાસ મંચ ચૂંટણી લડી રહ્યું છે. ફંડની અછત દેખાય છે, પણ વિશ્વાસની અછત નથી.



શનિવારનો આખો દિવસ બાકી સંપર્કો પુરા કરવામાં પસાર થશે. બુથ મેનેજમેન્ટ મહાસંગ્રામનું મહત્વનું અને અંતિમ પાસુ છે. જે પક્ષ મતદારોને બુથ સુધી લઈ જવામાં સફળ રહેશે તેનો વિજય નિશ્ચિત બને છે. અને એટલે જ કહેવાય છે કે બુથમાં જીતે તે ચૂંટણી જીતે. એક કાર્યકર ઓછામાં ઓછા ૩૦ થી ૩૫ મતદારોને ઘરેથી મતદાન મથક સુધી પહોંચાડી શકે છે. તો જેની પાસે કાર્યકર વધારે તે વધુ પ્રમાણમાં મતદાન મથક સુધી પહોચાડી શકશે અને એ જીત માટેનો પાયો નંખાશે. બન્ને પક્ષો પાસે કાર્યકરોની ફોજ છે. અનુભવી અને કસાયેલા કાર્યકરો બુથ મેનેજમેન્ટ માટે જરૂરી બને છે. દર વખતની જેમ કોંગ્રેસ અને ભાજપ ગાંધીનગરમાં તો બુથ મેનેજમેન્ટમાં પાવરફુલ છે. આમ છતાંય કેટલાક બુથ નબળા પડે ત્યારે હાર-જીતના ઓછાયા-પડછાયા દેખાય, ગાંધીનગરના ઈતિહાસની આ બીજી ચૂંટણીના અંતિમ ચરણ પણ રસપ્રદ અને રોમાંચક રહ્યો છે. ઠેર-ઠેર શરતો લાગી છે. સામાન્ય માણસ પણ ચોરે ને ચૌટે ચૂંટણીની વાતો કરતો થઈ ગયો છે. કોણે શું કામ કર્યું ને કોણે શું ના કર્યું તેનું વિશ્લેષણ ચારે કોર થઈ રહ્યું છે. સત્તા પક્ષનો એક્સ-રે અને વિરોધ પક્ષનું રીપોર્ટ કાર્ડ ઠેર ઠેર ચર્ચાઈ રહ્યું છે. મતદારોને અપેક્ષા ખુબ છે. ગંદકીની ચીંતા છે... દબાણ મુંઝવે છે... રખડતા ઢોર હેરાન પરેશાન કરે છે... અને આ ત્રણેય સમસ્યાના ઉકેલ માટે મતદારો પાસે અપેક્ષાઓનું પોટલુ છે. કોણ અપેક્ષાઓ સંતોષી શકશે ? કોનામાં તાકાત છે ? કોની પાસે શહેરના વિકાસનું વિઝન છે ? અને કોણ જનતાના પ્રશ્નો સાંભળે છે ? આવા પ્રશ્નોની હારમાળાની વચ્ચે રવિવારે સવારે ૮.૦૦ વાગે મહાસંગ્રામનો અંતિમ શંખનાદ ફૂંકાશે અને મતદારો નિર્ભિક અને નિષ્પક્ષતાથી જનાદેશ આપશે એજ જનાદેશ આવતીકાલના શમણાંનો અણસાર આપશે. અનુભવીએ... સમજીએ અને સ્વીકારીએ મતદારોનો મિજાજ.

મોડીરાત્રે પણ ભાજપના પ્રદેશ નેતાઓએ વોર્ડવાઈઝ કામગીરીની સમીક્ષા કરી હતી. રાત્રે બુથ ઈન્ચાર્જને જરૂરી સૂચના આપવામાં નેતાગણ વ્યસ્ત બન્યું હતું. કોંગ્રેસ પક્ષે પણ પ્રદેશના અનુભવી નેતાઓને મેદાનમાં ઉતારી બુથ મેનેજમેન્ટની કામગીરીને અસરકારક બનાવવા ભારે ક્વાયત કરી હતી. તોડફોડના આક્ષેપો બંને પક્ષે સામ-સામે ચાલી રહ્યા છે. કોઈ પક્ષ ક્યાય કચાશ રાખવા માંગતો નથી. મત સાચવવાની સાથે સાથે પ્રતિ પક્ષના મત તોડવા માટે રાતભર મથામણ ચાલી હતી. જ્ઞાતિ સમાજના આગેવાનોને પણ રાત્રે ઘરે ઘરે લઈ જઈ વગ વાપરવાની ફરજ પડાઈ હતી. ક્યાંક ધાક-ધમકીના આક્ષેપ પણ કરાયા હતા. જોકે, દરેક ચૂંટણીમાં થાય છે એમ જ આ ચૂંટણીમાં પણ દારૂ, રોકડા તથા પદ, હોદ્દાઓની લાલચ ખૂબ જ વ્યાપક પ્રમાણમાં અપાઈ રહી છે. આજે શહેરના બંને પક્ષોના કાર્યકરો મધ્યરાત્રી બાદ પણ બેબાકળા બનીને અહીં - તહીં ફરતા નજરે પડ્યા હતા.

## નાણાંની કોથળીઓ ખુલ્લી મુકાઈ છે : ખાણી-પીણીની બોલબાલા ચરમસીમાએ : બુથ મેનેજમેન્ટમાં કોંગ્રેસ અને ભાજપ બન્ને પાવરધા છે : છેલ્લી ઘડીના વહેવારોમાં બન્ને પક્ષો વ્યસ્ત

# મતદાન અધિકારીઓની ટીમ આજે ૧૨ વાગે મતદાન મથકે જવા રવાના થશે

ગાંધીનગર, તા. ૨૨

મહાનગરપાલિકાની ચૂંટણી માટે આજે બપોરે ૧૨ વાગે પોલિંગ પાર્ટીઓ તેમના મતદાન મથકો પર જવા રવાના થશે. બપોરે બે વાગ્યા સુધીમાં તમામ પોલિંગ પાર્ટીઓ તેમના નિયત મતદાન મથકે પહોંચી જશે. આ માટે ૮ વોર્ડના ૨૧ રૂટ નિયત કરવામાં આવ્યા છે.

મહાનગરપાલિકાની ચૂંટણીમાં એક હજારથી વધુ કર્મચારીઓને ચૂંટણી વિષયક ફરજો સોંપવામાં આવી છે.

વોર્ડ નં. ૭ અને ૮માં સૌથી વધુ ઉમેદવારો હોવાથી અહિ બે-બે ઈવીએમ વપરાશમાં લેવાશે. પોલિંગ ઓફિસરની કીટ આજે તૈયાર કરી દેવામાં આવી છે. એક કીટનું વજન ૮ થી ૧૦ કિલો જેટલુ થવા જાય છે. જ્યાં બે-બે ઈવીએમ છે ત્યાં એક કીટનું વજન ૧૫ કિલોની આસપાસ થવા પામી છે.



છેલ્લા ત્રણ દિવસથી પોલિંગ ઓફિસરની કીટ તૈયાર કરવા માટે તંત્ર કામે લાગ્યુ છે.

મહાનગરપાલિકાની આ ચૂંટણી માટે ૧ લાખ ૫૧ હજારથી વધુ મતદારો મતદાન કરવાના છે. ગત ચૂંટણીમાં ૫૯ ટકા જેટલુ મતદાન થયુ હતુ. આ વખતે મતદાનની ટકાવારીમાં વધારો થશે તેવા સંકેતો રાજકીય વર્તુળો આપી રહ્યા છે.

૨૦૩ મતદાન મથકો આ ચૂંટણી માટે નિયત કરવામાં આવેલા છે જેમાં ૧ મતદાન મથક ઈ.વોટીંગ માટેનું છે.

# ૩ ઈ.મતદાતાઓ માટે ખાસ મતદાન મથક

## મનપાની આ ચૂંટણીમાં ૪૬૪ ઈ.વોટર્સ ઈ.વોટીંગ કરશે : છેલ્લી ચૂંટણી કરતાં ઈ.વોટર્સ ઘટ્યા : જો કે ઈ.વોટીંગનું રજીસ્ટ્રેશન સારૂ થયુ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મહાનગર પાલિકાની દ્વિતીય સામાન્ય ચૂંટણીમાં ત્રણ ઈ.વોટર્સ માટે કલેક્ટર કચેરીના જનસેવા કેન્દ્ર ખાતે ખાસ મતદાન મથક ઉભુ કરવામાં આવ્યું છે. જેને આજે રાજ્ય ચૂંટણી પંચે પણ મંજૂરી આપી છે. હવે શહેરમાં ચૂંટણી માટે ૨૦૩ મતદાન મથક થશે.

ગાંધીનગરની આ ચૂંટણીમાં ઓનલાઈન વોટીંગ સિસ્ટમ માટે ૬૮૧ જેટલા મતદારોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાંથી ૧૦૮ રજીસ્ટ્રેશન મતદાર નોંધણી અધિકારી દ્વારા નામંજૂર થયા હતા. ૫૭૩નું રજીસ્ટ્રેશન ગ્રાહ્ય રાખવામાં આવ્યું હતું.

આજે બપોરે ૧૨ વાગ્યા સુધીમાં આ અંગેની લીંક રજીસ્ટ્રેશન કર્તાઓએ મેળવી લેવાની હતી. જેમાં માત્ર ૪૬૪ મતદારોએ જ આ લીંક મેળવી છે તેથી હવે ૪૬૪ મતદારો ઈ.વોટીંગ કરી શકશે. આ પૈકી ૩ મતદારો માટે કલેક્ટર કચેરીના જનસેવા કેન્દ્રમાં ખાસ મતદાન મથક ઉભુ કરવામાં આવ્યું છે. આ ત્રણેય મતદારો સે. ૩, ૫ અને ૮માં રહેતા હોવાનું જાણવા મળેલ છે.

ગત ચૂંટણી કરતાં પણ આ વખતે ઈ.વોટીંગ માટેના રજીસ્ટ્રેશનમાં વધારો થયો પણ લીંક મેળવવામાં આ મતદારોએ દાખવેલી ઉદાસીનતાને પગલે ગત ચૂંટણી કરતાં ઈ.વોટર્સ ઓછા નોંધાયા છે. ગાંધીનગર મહાનગર પાલિકાની પ્રથમ સામાન્ય ચૂંટણીમાં ૫૭૦ જેટલા ઈ.વોટર્સ નોંધાયેલા છે.

જો કે રાજ્યના ચૂંટણી કમિશ્નર શ્રી વરેશ સિંહાએ ઈ.વોટીંગ માટે તંત્રએ કરેલા પ્રયાસોને બિરદાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે સારા પ્રયત્નો થયા છે અને તેનું પરિણામ પણ મળ્યુ છે. વિગતો પ્રમાણે સૌથી વધુ ઈ.વોટર્સ વોર્ડ નં. ૮માં હોવાનું જાણવા મળેલ છે.


# રાત્રે દોઢ વાગે સે-૧૩ પાસેથી વિદેશી દારૂ ભરેલી રિક્ષા પકડાઈ

ગાંધીનગર, તા. ૨૨

મહાનગરપાલિકાની ચૂંટણીમાં મતદારોને ખુશ કરવા તમામ ઉમેદવારો દ્વારા નાસ્તા-પાણી ઉપરાંત શકિત મુજબ રૂપિયાની લહાણી કરાઈ રહી છે ત્યારે વિદેશી દારૂ એ મતદારોને આકર્ષવાનું મુખ્ય પરિબળ બની ગયું છે. મતદારોને વિદેશી દારૂ આપવા માટે ખાસ નાની બોટલો (કવાર્ટર) લવાઈ ગઈ છે. ગઈ કાલે રાત્રે દોઢ વાગ્યે સે-૧૩ નજીકના માર્ગ પર વિદેશી દારૂની હેરાફેરી કરી રહેલી રિક્ષા ડીવાયએસપી સ્કવોર્ડે પકડી પાડી હતી. જેનો ડ્રાઈવર પોલીસને જોઈને ફરાર થઈ ગયો હતો. પોલીસે ૨૦૧ નાની બોટલના જથ્થા સાથે રિક્ષા જપ્ત કરી છે. આ દારૂ પણ ચુંટણી માટે લવાયો હોવાની શકયતાને આધારે પોલીસે તપાસ શરુ કરી છે.

ડીવાયએસપી એ.બી. વાટલીયાની સ્કવોર્ડને રાત્રે બાતમી મળી હતી કે સે-૧૩થી રેલવે સ્ટેશન તરફ જતા માર્ગ પર વિદેશી દારૂની બોટલોની રિક્ષામાં હેરાફેરી થઈ રહી છે. જેને આધારે જીજે ૧૮ એ.વાય. ૩૦૪૮ નંબરની રિક્ષાને રાત્રે દોઢ વાગે સ્કવોર્ડે પકડી પાડી હતી. પોલીસને જોઈને રિક્ષા મુકીને રિક્ષા ચાલક ફરાર થઈ ગયો હતો. રિક્ષામાં તપાસ કરતાં હાલ ચુંટણી માટે જે વિદેશી દારૂની નાની બોટલ (કવાર્ટર) ચલણમાં છે તેવી ૨૦૧ નંગ બોટલ મળી આવી હતી. રૂ. ૨૦,૧૦૦ની કિંમતનો દારૂ તથા રિક્ષા મળી કુલ રૂ. ૭૦,૧૦૦નો મુદ્દામાલ જપ્ત કરીને ડીવાયએસપી સ્કવોર્ડે સે-૭ પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો છે. આ રિક્ષામાં પણ ચુંટણી માટેનો દારૂ રાત્રે ફરી રહ્યો હોવાની શકયતા છે. જે દિશામાં ડીવાયએસપી સ્કવોર્ડ તપાસ ચલાવી રહી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી
તા. ૨૪મી એપ્રિલ-૨૦૧૬, રવિવાર
મતદાન સમય- સવારે ૮ થી સાંજે ૫ વાગ્યા સુધી
મતદાન અવશ્ય કરીએ...




- પ્રત્યેક વોર્ડમાં વધુમાં વધુ ચાર ઉમેદવારોને મત આપી શકાશે.
- પસંદગી મુજબના ચાર ઉમદેવારો અથવા ચાર પૈકી જેટલા ઉમદેવારોને મત આપવાનો હોય તેમના નામ સામેના બટન દબાવ્યા પછી સૌથી છેલ્લે છેલ્લું પીળા રંગનું રજીસ્ટર બટન દબાવવાથી આપનો મત નોંધાશે.
- કોઇપણ ઉમેદવારને મત ન આપવો હોય તો 'ઉપર પૈકી કોઇ નહીં'- નોટાના બટનનો ઉપયોગ કરી શકાશે.
- વીજાણુ મતદાન યંત્રમાં જો મતદાર કોઇપણ ઉમેદવારનું અથવા 'નોટા'નું બટન દબાવી દે પછી જો પસંદગી બદલવા માગે તો તે દબાવેલ બટન ફરી વખત દબાવી પસંદગી રદ કરી શકે છે અને નવેસરથી પસંદગી કરી શકે છે. આ પસંદગી રદ કરવાની પ્રક્રિયા રજિસ્ટર અંગેનું પીળું બટન દબાવ્યા પહેલાં થઇ શકે છે.

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જનહિતમાં જારી